સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આકાશે ઉડનારા હવે બોટમાં ફરે છે!
આવ્યા ધરતી પર, બણગા ખોટા ઠરે છે!
છોટા ઠરે છે, વિકાસના માપ-દંડ પાસે -
ફરજ બજાવેના, દંભના ફોટા ફરે છે...
(રાહત કાર્યનું નાટક)

હાઈકુ

કરે ડોકિયાં!
આગાહીથી ડરીને -
સૂરજ પણ...
(બંધ થયો કે નહીં!!)
... તો જાઉં...

રાહત માં યે
લ્યો! આવ્યું હવે પૂર...
પક્ષા-પક્ષીનું...
(દંભનું રાજકારણ)

ચિંતન

મનકિ બાત હૈ લહરિ બિકારા ।
તુહિ નહિ સૂઝે બાર ન પારા ॥

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

મહાત્માઓએ સંસારને સાગર કહ્યો છે. મન સંસારનું ચિંતન કરી-કરીને સંસારરૂપ બની ગયું છે. મતલબ કે એ પણ સાગર બની ગયું છે. જે રીતે સાગરમાં તરંગો ઉત્પન્ન થયા કરે છે તેવી રીતે મનમાં પણ કલ્પનારૂપી લહેરો ઉઠ્યા કરે છે. એ કલ્પના વિષયરૂપ-વિકારરૂપ છે. કબીર કહે છે કે હે જીવ! તમને એ સુઝતું નથી એનાથી બચવા માટે પ્રયત્નો કરો. અર્થાત મનને વિષયમાંથી ખેંચી લઈ પરમાત્મામાં જોડો.

નદી કે સમુદ્રના મોજામાં કોઈ માણસ સપડાઈ જાય તો તે ડૂબી જાય છે. એવી રીતે મનરૂપી સંસાર સમુદ્રમાં જો જીવ સપડાઈ જાય તો તેમાં પણ એ ડૂબી મરે છે. સદા જન્મ મરણના ફેરામાં અટવાયા કરે છે. શાસ્ત્રોના આદેશને નહીં માનીને જીવ મનના તરંગોમાં ડૂબી મરે છે.

સુવિચાર

- મહાન વ્યક્તિ આપણને એટલા માટે મહાન જણાય છે કે આપણે ઘૂંટણના ટેકે ઊભા છીએ - **હરિભાઉ**
- મુસીબતોમાં જ સિદ્ધાંતોની કસોટી થાય છે,
  મુસીબતો વેઠ્યા સિવાય મનુષ્ય જાણી શકતો નથી કે પોતે પ્રામાણિક છેકે નહિં - **જનકલ્યાણ**
- જો સન્માન સાથે શાંતિથી ન રહી શકે તો તે શાંતિ ન કહી શકાય - **લોર્ડ રસેલ**
- જે માણસ પોતાની જાત પર હકૂમત ન ચલાવી શકે તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી - **પાયથાગોરસ**
- મને વિશ્વાસ છે કે સદ્‌ગુણ ચીંથરામાં પણ એટલો જ ચમકે છે જેટલો ભવ્ય પોશાકમાં - **ચાર્લ્સ ડિકન્સ**
- પોતાનું કામ થતું હોય તો શેતાન પર શાસ્ત્ર વચન ટાંકી શકે છે - **શેક્સપિયર**
- આજનું ઔષધ : ઘરનું સફેદ માખણની આંખ પર પોટીસ બાંધવાથી આંખની બળતરા મટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ચૈતન્ય મહાપ્રભુ મંદિરમાં આરતી વખતે એક ગરુડસ્તંભ નામના થાંભલા પાસે ઊભા હતા. મંદિરમાં ઘણી ભીડ હતી. એક ઠીંગણી ગરીબ સ્ત્રી આરતી દર્શન માટે આવી હતી. પણ કદ નાનું હોવાથી તેને દર્શન થતા ન હતા એવામાં એ ગરુડ સ્તંભ ઉપર ચડી ગઈ અને એક પગ ચૈતન્ય મહા પ્રભુના ખભે ટેકવી દીધો.

ચૈતન્ય પણ આરતીમાં મગ્ન હતા. પણ પાછળ ઉભેરા એમના શિષ્ય બાલગોવિંદથી રહેવાયું નહીં, એણે પેલી સ્ત્રીને ધમકાવી નાખી. પેલી સ્ત્રી પણ ગભરાઈ ને તરત ગરુડસ્તંભથી નીચે ઊતરી ગઈ. શિષ્ટ બાલ ગોવિંદ આરતી પછી ચૈતન્યની હાજરીમાં પેલી ઠીંગણી સ્ત્રીને વઢવા લાગ્યો. આ જોઈ ચૈતન્યે બાલગોવિંદને રોકતા કહ્યું, 'ભાઈ, એ સ્ત્રીને વઢ નહીં, એને વંદન કર, પ્રભુ દર્શનની લગનીમાં એ ભાન પણ ભૂલી ગઈ અને પોતાનો પગ કયાં પડે છે એનું એને ધ્યાન રહ્યું નહીં, આપણા કરતાં આ સ્ત્રીની ભાવના ઊંચી છે. પ્રભુના દર્શનમાં કે કાર્યમાં જેની આટલી લગની હોય તે હંમેશા વંદના કરવા યોગ્ય હોય છે.'

ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે...

તંત્રીસ્થાનેથી...

ગુજરાતે ગાંધીજી અને સરદાર પટેલથી માંડી નરેન્દ્ર મોદી સુધીના રાષ્ટ્રીય નેતાઓ આપ્યા છે. સરદાર પટેલના સાથીદાર અને ગુજરાતની અસ્મિતાના જયોતિર્ધર મહાન નવલકથાકાર કનૈયાલાલ માણેકલાલ મુનશી પણ તે સમયના રાષ્ટ્રીય નેતા હતા. મૂળે ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ અને વ્યવસાયે વકીલ. એમને પંડિત નહેરુ સાથે ઘણી બાબતોમાં મતભેદ એથી નહેરુ મંત્રીમંડળમાં કેબિનેટ મંત્રી તરીકે હટાવી ઉત્તરપ્રદેશના રાજયપાલ બનાવી દેવાયેલાં. ભરૂચ પંથકે એ પછી દાયકાઓ બાદ જે રાષ્ટ્રીય નેતા પકવ્યો એનું નામ અહેમદ પટેલ છે. કયારેક સરદાર પટેલનું જે વર્ચસ્વ રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસના શાસનમાં હતું અને એ પછીના સમયમાં મોરારજી દેસાઈનો રાષ્ટ્રીય રાજકારણમાં જે દબદબો રહ્યો હતો એની સાથે સરખામણી તો ન જ થઈ શકે, પરંતુ કોંગ્રેસના હાઈકમાંડ સાથેનો સુદીર્ઘ ધરોબો અને કોંગ્રેસ અધ્યક્ષાના રાજકીય સલાહકાર જેવી ઉચ્ચ ભૂમિકાને કારણે ભરૂચ-અંકલેશ્વરના વતની એવા આ મુસ્લિમ નેતાને ગુજરાતના સર્વોચ્ચ કોંગ્રેસી આગેવાન તરીકે કાઢું કાઢ્યું છે એમાં બે મત ન જ હોઈ શકે. ગુજરાતની સક્ષમ કોંગ્રેસી આગેવાનોને પાછળ મૂકીને આગળ વધી ગયેલા આ નેતા માટે પાર્ટીએ રાજયસભાનો સહેલો માર્ગ અનામત રાખ્યો છે, જેથી એમને લોકસભાની ચૂંટણીમાં ભાજપના હિંદુત્વ કાર્ડ સામે ઝઝૂમવું કે મહદંશે હારવું ન પડે. અહમદ પટેલે બહુ નાની વયે - ફક્ત છવ્વીસ વર્ષની ઉંમરે ભરૂચને લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે એન્ટ્રી મારી હતી, પરંતુ પાછળથી એ બેઠક એમના માટે બિનસલામત બની જતાં છેલ્લા ચોવીસ વર્ષથી તેઓ રાજયસભાના સભ્ય તરીકે ગુજરાતનું 'સક્ષમ' પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે. અલબત્ત, આ સમયગાળા દરમિયાન અહમદભાઈનું કોંગ્રેસમાં એકચક્રી શાસન ચાલતું રહ્યું છે અને કોંગ્રેસ દિવસે દિવસે દુકાળગ્રસ્ત નદીની જેમ સુકાઈ ચાલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શંકરસિંહ વાઘેલા સાથે મીઠા સંબંધો ધરાવતા આ રાષ્ટ્રીય નેતા માટે રાજયસભાનું આ પાંચમું પગથિયું જરાં વસમું સાબિત થઈ રહ્યું છે. છતાં પેલી કહેવત મુજબ અહમદ પટેલ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. એટલે શંકરસિંહ વાઘેલાની નારાજગીના પગલે કોંગ્રેસમાં શરુ થયેલા ઝંઝાવાતમાં પણ એ ચૂંટણીના ચક્રવ્યૂહમાં હેમખેમ નીકળી જાય એવી સંભાવના સરજાઈ છે. જીતવા માટે જરૂરી ૪૪ મતોની જગ્યાએ એમની પાસે હાલ તો ૫૧ મતો જેવી બહુમતી છે. જો કે સામે કોંગ્રેસમાંથી ભળવો કરી ભાજપના ઉમેદવાર બનેલા બળૂકા ક્ષત્રિય નેતા બળવંતસિંહ રાજપૂત જેવા પ્રતિસ્પર્ધી છે, જેમને ભારતીય જનતા પાર્ટીના બે પ્રાઈમ કેન્ડિડેટ્સને વિજયી બનાવવા ફાળવનારા મતો ઉપરાંત બાકીનાં ૩૨ મતો ફાળવવા ઉપરાંત શાસક પાર્ટીના બીજી અને ત્રીજી પસંદગીના મતો પણ ફળવાશે. જો કે સીધા ગણિતની રૂએ જો ૪૪ ધારાસભ્યોના એકડા મળી જશે તો અહમદ પટેલને પણ અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની સાથે જ વિજેતા જાહેર કરી દેવા પડશે. એવું થશે તો અમિત શાહની ચાણક્ય ચાલ કદાચ પહેલી જ વાર નિષ્ફળ થઈ ગણાશે અને શંકરસિંહ વાઘેલના પક્ષ ત્યાગ છતાં કોંગ્રેસ જીતી શકે છે, એવું પ્રસ્થાપિત થશે. કદાચ આની આગોતરી ગંધ શંકરસિંહ વાઘેલાને પણ આવી ગઈ હોય એવું લાગે છે. એમણે વારંવાર રિપીટ કર્યું છે કે એમનો મત મિત્ર દાવે તેઓ અહમદ પટેલને જ આપવાના છે.

ગરમાળો - કબજીયાતનું ઓસડ

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

અત્યારે તો ચોતરફ લીલીછમ વનરાજી છવાઈ છે. વૃક્ષોના પાન ધોવાઈને ચોખ્ખા ચણાક થઈ ગયા છે. લીલાછમ વૃક્ષોને જોઈને આંખોમાં ટાઢક વળે. કુદરતે આમ તો દરેક વૃક્ષમાં રૂપ ભર્યુ છે પણ અમુક વૃક્ષોમાં તો જાણે ભગવાનને બહું વ્હાલ આવી ગયું હોય એમ લાગે, જેમકે ગુલમહોર અને ગરમાળો. (અમારે તો ગુજરાતીમાં પાઠ પણ આવતો 'ગરમાળો અને ગુલ્મહોર)

આજે ગરમાળાની વાત કરીએ. ગરમાળાનું વૃક્ષ તેના પુષ્પો થકી શોભાયમાન છે. વસંતઋતુમાં તો ગરમાળાનું વૃક્ષ એટલું તો સુંદર લાગે કે કવિઓને કવિતા અને ચિત્રકારોને તેના ચિત્રો દોરવાનું મન થઈ જાય. આપણાં ગાંધીનગરમાં રોડ સાઈડ પર જ ઘણાં બધા ગરમાળાના વૃક્ષો છે. લગભગ બધાએ તેના સૌંદર્યની મજા માણી હશે. ગરમાળાના સૌંદર્યની સાથે સાથે આજે ગરમાળાના વૈદ્યકીય ઉપયોગો વિષે પણ જાણીએ. ગરમાળાને સંસ્કૃતમાં 'આરગ્વધ' કહે છે. આરગ્વધ એટલે 'જે રોગને મટાડે છે તે..' આ ઉપરાંત સંસ્કૃતમાં ગરમાળાના બીજા નામો પણ છે જેમકે શમ્પાક(જે કલ્યાણકર્તા ફળ આપે છે તે), કૃતમાલ (જે સુંદર પુષ્પોની માળા ધારણ કરે છે તે), ચતુરંગુલ (જેના પર્વોનું પ્રમાણ ચાર અંગુલ છે તે), સ્વર્ણભૂષણ (જે સ્વર્ણ સમાન પુષ્પોના ભૂષણ ધારણ કરે છે તે). ગરમાળાનું લેટીન નામ 'કેસિયા ફિસ્ચુલા' છે. તેને 'પગલ્લગ કેસિયા' પણ કહે છે.

ગરમાળાનો સ્વાદ મધુર અને થોડો કડવો હોય છે. તેની પ્રકૃતિ ઠંડી છે. ગરમાળો પિત્તનું શમન કરનારો છે. મહર્ષિ ચરકે ગરમાળા વિષે કહ્યું છે કે ''ગરમાળો મૃદુ વિરેચન કરવામાં શ્રેષ્ઠ છે'' મૃદુ વિરેચન એટલે બહું ભારે ન પડે તેવું, મૃદુતાપૂર્વકનું વિરેચન કરે તે. આયુર્વેદમાં એવા ઔષધો છે કે જે તીવ્ર વિરેચનીય છે. જેનાથી પેટમાં ચૂંક પણ આવે અને વિરેચનના ઘણાંબધા વેગ આવે. તેની સાપેક્ષે ગરમાળો બહું મૃદુ છે. બાળકો, વૃધ્ધો, ક્ષીણ થયેલ રોગીઓ આદિને વિરેચનાર્થે ગરમાળો ખૂબ હિતકર છે.

વિરેચન માટે ગરમાળાનો ગોળ અપાય છે. ગરમાળાની લાંબી શીગો થાય છે. તેને ખોલતા તેમા ગોળ પૈસા આકારની પતરીઓ હોય છે. આ પતરીઓ પર ગોળ જેવો પદાર્થ ચોંટેલો હોય છે. આને જ ગરમાળાનો ગોળ કહે છે. ટુંકમાં, ગરમાળાનો ગોળ એ ગરમાળાની ફલમજ્જા છે. આયુર્વેદ પ્રમાણે દરેક રોગ પાચનતંત્રની નબળાઈથી થાય છે. આવા સમયે ગરમાળાના ગોળનું નિયમીત સેવન કરવામાં આવે તો પેટ સાફ રહે છે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. તાવ-ઈન્ફેક્શન આદિમાં પેઈનકીલર જેવી દવાઓ ખાવાથી ઘણાં લોકોને કબજીયાત થઈ જતી હોય છે. આવા વખતે પણ ગરમાળાની ફલમજ્જાનું યોગ્ય ડોઝનું સેવન હિતકર છે. આ ઉપરાંત વા-દુખાવા, શરીરની નબળાઈ, મરડો, અપાચન, સોજા, ચામડી પરની ખંજવાળ આદિ જેવા રોગોમાં પણ ગરમાળાના ગોળનાં નિયમીત સેવનથી લાભ થાય છે.

- contact@atharvaayu.com

અમારા પોતાના ગાંધીનગરનો વરસાદ

મનના ઉમંગો
રણછોડ પરમાર

(ભાગ – ૨)

સમગ્ર ગાંધીનગરમાં વરસાદ શરૂ થતાં જ હવામાં ઠંડક પ્રસરી જાય છે. ત્રણચાર મહિનાથી અસહ્ય ગરમીથી ત્રાહિમામ થતા નગરજનો અજબની રાહત અનુભવે છે. ધૂળ ઉડતી બંધ થાય છે અને હવામાં માટીની મહેંક ફેલાવા માંડે છે. શ્રી ઝવેરચન્દ મેઘાણી માટીની સુગંધને ધરતીની સોંડમ કહેતા હતા.અમદાવાદમાં ભલે ગાંધીનગર કરતાં દસગણી સમૃધ્ધિ હોય પણ પણ આ માટીની મહેંકના ત્રાજવે તો તે સાવ ગરીબ પૂરવાર થાય છે. વૃક્ષો ઝૂમવા લાગે છે. તેની ડાળીઓ અને પાંદડાં પરથી ટપકતું પાણી અનેરો નાદ પ્રગટ કરે છે.પક્ષીઓ પાંખ બિડીને ગુપચૂપ સલામત સ્થળે બેસી જાય છે. કૂતરાં કોરી જગ્યા શોધવા આમતેમ રખડે છે.ગાયો કોઈ ઝાડ હેઠળ અથવા કોઈ દુકાનના છાપરા નીચે આશરો ગોતી લે છે.

ગાયો જ્યાં બેઠી હોય કે ઊભી હોય ત્યાં જ તેઓની ઉત્સર્ગક્રિયા પતાવી લે છે. કૂતરાં ગાયો જેટલાં સમજદાર ગણાતાં નથી છતાં તેઓ આવા કામ માટે બીજી જગ્યાનો ઉપયોગ કરતા હોય છે. હમણાં હમણાં નદીકાંઠા નજીકના સેક્ટરોમાં નીલગાયો ફરતી થઈ છે. તેમને આવી કશી ચિંતા હોતી નથી. ગાંધીનગરમાં ચાલુ વરસાદે ભાગ્યે જ કોઈ માણસ મસ્તીથી નહાતો જોવા મળશે.મોટે ભાગે તે તમને કોઈ ઝાડ હેઠળ, કોઈ બસસ્ટેંડના છાપરા નીચે, કે કોઈ ખાલી દુકાનની ખુલ્લી જગ્યામાં વારે ઘડીએ આભ ભણી નજર કરતો દેખાશે ક્યાંક કોઈ બાળક તેની આધુનિક મમ્મીની નજર ચૂકાવી ઝીણી ઝરમરમાં પલળવા આવી ગયેલું જોવા મળે તો ધનભાગ્ય ! ટીવી સિરિયલમાં જાહેરાત આવતાં જ મમ્મીના ધ્યાનમાં બાળકની ગેરહાજરી આવે છે અને તે દોડતી બહાર આવી ચડે છે. તેની બૂમ સાંભળીને પેલા કમભાગી બાળકને વિલાયેલું મુખ લઈને ઘરમાં ઘુસવું પડે છે.

અરે ભાઈ ! પેલા લોકગીતમાં આવે છે તેમ દાદુર, મોર, પપીહા બોલે છે કે નહીં એ તો કહો. દાદુર એટલે કે દેડકા ગાંધીનગરમાં રહેવા અવ્યા ત્યારે ખુબ ખુબ બોલતા હતા. આખી આખી રાત બોલતા હતા. પણ ખાડા પૂરાતા ગયા. ખાબોચિયા ઘટવા માંડ્યા અને ડ્રાઉ ડ્રાઉ ના સૂર ઘટવા લાગ્યા. હજી ઘણી જગ્યાએ મેંઢકભાઈઓ તેમની હાજરી પૂરાવે છે. પણ વરસો વીતતા જાય છે અને એના કંઠનો અવાજ સાંભળવો દોહ્યલો થતો જાય છે.સેક્ટર-૧ માં સરકારે અધધ કહેવાય તેટલા રૂપિયાના ખર્ચે એક તલાવ બનાવ્યું છે તેમાં પાણી ભરાય ત્યારે દેડકાં તેમના અસ્તિત્વનો પુરાવો આપતા રહે છે. તમને એ જાણીને ઘણો આનંદ થશે કે અત્યારે ખુબ સરસ વરસાદનું પાણી તેમાં ભરાયું છે. ત્યાં તમારા બાળકોને લઈને જાવ. તમને દેડકાનું ડ્રાઉ ડ્રાઉ સંગીત તો સાંભળવા મળશે જ અને જો નસીબ સારા હશે તો પેલા કાકાસાહેબ કાલેલકરવાળી કાળી બતક પણ તરતી જોવા મળશે. એનાથી યે સારું નસીબ હશે તો મોરના તઃઉકા પણ સાંભળવા મળશે. મોરની વાત શું કરું ? મારો એક મિત્ર કહેતો હતો કે મૂળે આ વિસ્તાર મોર પક્ષીઓનો હતો એમાં આપણે માણસો ઘુસી આવ્યા. હજુ નદી બાજુના સેક્ટરોમાં મોટી સંખ્યામાં મોરના ટહુકા સાંભળવા મળે છે. પુનિતવન, સરિતા ગાર્ડન, ઈન્દ્રોડા પાર્ક, હમણાં કહ્યું તે તળાવ વગેરે જગ્યાઓએ ઝાઝી કહી શકાય એટલી સંખ્યામાં મોર જોવા મળે છે. તમે નહીં માનો પણ સચિવાલયના અગ્નિ ખુણે હજુ યે મોર રહે છે. કોઈ વાર ઓફિસેથી ઘેર જતા મોડું થાય તો દક્ષિણના દરવાજેથી નીકળજો તમને ચોક્કસ એકાદો મોર જોવા મળી જવાનો. પણ આ બધું કેટલા દિવસ ? કોઈ જમાનામાં અમદાવાદમાં આજની પોલિટેકનીક છે ત્યાં મોર ફરતા જ હશે ને ? ખબર નહીં આને જ વિકાસ કહેતા હશે ? પ્રકૃતિથી દૂર જવું એનું જ નામ વિકાસ એવી વ્યાખ્યા બની નહીં જાય ને ? પપીહરાની બાબતે મારે એટલું જ કહેવાનું કે મારી આંખો હજી પપૈયા નામના ફળને ઓળખે છે પણ તે નામના પક્ષીને ઓળખતી નથી . કાને કદાચ તેનો અવાજ સાંભળ્યો હોય એવું બની શકે પરંતુ પારખ્યો નથી એ હકીકત છે. વરસાદમાં બુલબુલ શું કરે છે તે તરફ બરાબર જોયું નથી પણ કાગડા બેબાકળા થઈને ઉડાઉડ કરે છે તે બરાબરનું ભાળ્યું છે.

ગાંધીનગરમાં ખુલ્લી જમીન પર બહારના લોકો દબાણ ના કરે તેની દેખરેખ રાખવા માટેનું એક વહીવટી તંત્ર છે. તેને હું ગાંધીનગરમાં આવ્યો ત્યારથી દર વરસે એક વાર અચૂક કામ કરતું જોઉં છું. મોટેભાગે ઉનાળાના અંતમાં અથવા ચોમાસાની શરૂઆતમાં આ તંત્રની કામગીરી જોવા મળે છે. એક બાજુ દબાણખાતાના કર્મચારીઓ વાંસડા ખેચતા હોય, વળીઓ ઉખાડતા હોય,બીજી બાજુ જેસીબી મસીન ગેરકાયદે બંધાયેલા ઘરને આખેઆખું ઉખાડવા મંડ્યા હોય, ત્રીજી બાજુ ઘર માલિકો નમાયા મોંઢા કરીને ચૂપચાપ ઊભા હોય,અને રસ્તાની ધારે થોડાંક છોકરાં આ શું થઈ રહ્યું એ ના સમજાતાં એકબીજાના ચહેરા વાચતાં હોય. કેટલાક વયસ્ક લોકો વળી કેંક જુદી જ ફિલસૂફી હાંકતા ઊભા હોય અને બરાબર સમય સાચવવા જ આવ્યો હોય તેમ ઊપરથી ટપ ટપ વરસાદ શરૂ થયો હોય. મને કાયમ એક પ્રશ્ન સતાવે છે કે આ દબાણવાળા વરસતા વરસાદમાં જ ઝૂંપડાં પાડવા શું કામ આવતા હશે?

વરસાદ પડ્યા પછી શું ? અરે યાર પછી ભજીયાની જયાફત સિવાય બીજું શું હોય એની મને ખબર નથી. પણ એક વાત નિખાલસતાથી કહું છું કે આ ઋતુમાં મારા મગજમાં કલ્પનાઓનું ઘોડાપુર આવે છે. જો એસએસસીની પરીક્ષા ચોમાસામાં આવતી હોત તો મારે ગુજરાતી વિષયમાં ડબ્બલ માર્ક્સ આવ્યા હોત. આ વાત તમે ના સમજી શકો તો સારું. કાંઈ નહીં , ભજીયા બનાવો તો ફોન કરજો.

મેઘ તો આપણને મનમૂકીને વરસવાનું શીખવી જાય છે...

લાગણીનો મેળો
રસિક વાળંદ

બહુ વરસે એવું લાગ્યું, ચોમાસું બેઠું;
તને'ય એવું લાગ્યું કે ચોમાસું બેઠું?

- તુષાર શુક્લ

●●●●

અનરાધાર વરસાદે ઉત્તર ગુજરાતને ઘમરોળ્યું... જનજીવન અસ્તવ્યસ્ત... પારાવાર હાનિ... રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં... આમ કોપાયમાન કુદરતનો એક દારૂણ સીન પૂરો થયો... કુદરત આગળ માનવ લાચાર...!! આકાશી આફતની સાંપ્રત સંવેદનાના જન પ્રતિનિધિ બન્યા કવિ કૃષ્ણ દવે -

આ રીતે વહાલ કંઈ કરાય?
ઊભરાયું હોત હેત ટપલીક બે મારીએ
પણ સીધો કાંઈ ધબ્બો મરાય?
ઓચિંતા આવીને ધાબા લગ ઊછળીને
કરવાનું આવું તોફાન?
શેરીયુંમાં તરતી ઈ કાગળની હોડીયુંનું
થોડુંક તો રાખવું'તું ધ્યાન?
ગામ આખું આવે ભાઈ નદીયું માં નહાવા,
પણ નદીયુથી ગામમાં ઘસાય?
આ રીતે વહાલ કંઈ કરાય?
એવું તો કેવું વરસાવ્યું પળભરમાં તો,
આંખ્યું પણ ઑવરફલો થાય?
ધસમસતું સારું પણ આટલું તો નહીં જ,
જે છેવટ એક ડૂમો રહી જાય.
ખેતર, અબોલજીવ શ્વાસ મૂકી જાય,
એનો ભીનો કાંઈ ચીંટીયો ભરાય ?
આ રીતે કંઈ વહાલ કંઈ કરાય?

ઈશાન ખૂણામાં કાળા ભમ્મર વાદળોનો ગડગડાટ, વીજળીના ચમકારા જોઈ સૌ હરખઘેલાં થઈ જતાં... અમારા વડીલો કહેતા 'ઈશની ગાજી' ઈશાન ખૂણો એટલે વરસાદનું ઘર... નક્કી વરસાદ આવશે જ... કુદરતના હસ્તાક્ષર સમું મેઘધનુષ જોઈ ગામડાા પ્રાકૃતજનો બરાડી ઊઠતા. 'જુઓ પેલો મઠ તાણ્યો.' ત્યારે ઋતુઓ પણ સમયબદ્ધ હતી... પ્રાકૃતજનો પ્રકૃતિના પરિવર્તનોને સહજ પામી જતા... એમનું પ્રકૃતિ નિરીક્ષણ કાબિલેદાદ! વરતારા સાચા પડે જ.... આજે આપણે પ્રકૃતિથી છેટા ગયા... ઈન્દ્રિયજડ બન્યા. અમારા એક ટીખળી વડીલ રમૂજ કરતાં કહેતા, 'પોતાના વરને નામ દઈ વહુ સાદ પાડી નજીક બોલાવવા અધીરી થાય છે એવી રત એટલે વરસાદ.' આજે આ બધાનું સ્મરણ થતાં જાણે એક સુમધુર કાલખંડે વટાવ્યા જેવું લાગે છે.

દોસ્તો, મેઘ તો આપણને મનમૂકીને વરસવાનું શીખવી જાય છે... પણ... આપણે તો સાવ કોરાધાકોર રહેવા સર્જાયા છીએ... વરસાદથી સાચવીને ચાલવાવાળા... રખેને પલળી જવાય...

'રેઈન કોટો, છત્રીઓ, ગમશૂઝ, વોટર પ્રુફ હેટ્સ, માનવીએ કેટલી ભીંતો ચણી આ વરસાદમાં.'

વરસાદના બે છાંટા પ્રકૃતિને સજીવ કરી જાય છે... 'ઝીણાં ફોરા ઝરમર ઝર્યા જીવમાં જીવ આવ્યો.' વરસાદમાં નાહતી ધરિત્રી વૃક્ષ, વેલા, વનસ્પતિ સદ્યસ્નાતાની જેમ સ્વચ્છ બની ચમકી ઊઠે છે... વરસાદ તો દિલથી દદડે છે... એટલે તો સઘળું લીલું લીલું... કૂવા ઊલેચવાથી જે ન થાય એ કમાલ વરસાદ ચાર ટીપાંમાં કરી દેખાડે છે... એટલે જ કહેવાયું છે, 'આમ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ.' વરસાદ એ વરસાદ છે... પેલુ ચાતક પંખી વરસાદના ફોરે ધરાય.. સ્વાતી નક્ષત્રનું આકાશી ફોરું ઠરીને મહામૂલું માણેક બને...!! કેવી અદ્‌ભૂત કમાલ !!! કુદરતની લીલા અપરંપાર છે... સમજાય તો...!!!

'મોતી કણ મોંઘો કર્યો, સોંદો કર્યો કણ અનાજ,
તુલસી ત્યારે જાણી લીધું, હરિ છે ગરીબનવાઝ'

કુદરતે અલખ સંદેશો વહેતો કર્યો છે. જેની સંવેદના સાબદી રહી હશે એ જ કુદરતની લીપી ઉકેલી શકશે!!!

આજની યુવા પેઢી તો 'સેલ્ફી' લેવામાં ઊંચી આવતી જ નથી... કવિ કૃષ્ણદવે લખે છે,

'કો'ક વળી ડૂબે છે દરિયાના મોજામાં,
કો'ક વળી ખાબકે છે ખાઈમાં.
સેલ્ફીના ચક્કરની લ્હાયમાં!'

કુદરત રૂઠે એ તો સમજી શકાય પણ... સેલ્ફી લેવામાં હાથે કરીને મરનારાંને... શું કહીએ?! માનવીની મૂલતઃ પ્રકૃતિ બદલાઈ જે ખરેખર વિકૃતિનું કારણ બની છે. ઘણું ઘણું નવું કર્યું અદ્‌ભૂત કર્યું... મૂળ કાપી કાપીને કલાત્મક બોન્શાઈ વિકસાવ્યા ને ફળ આવ્યા પણ ખરા... પરંતુ છાયડો તો ગુમાવ્યો ને!!!

ખેર, બાળપણમાં એવું સાંભળેલું કે 'સાત દિવસની હેલી અને એક દિવસનો તાપ' બહુ વરસે હેલી ભાળી.... કવિ કલાપીની 'જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી' ઉક્તિ વર્ષાનાં સંદર્ભમાં યથાર્થ લાગી... અંતે મેઘ રાજાને એટલું કહીએ;

કાળા ડિબાંગ ઓ છલકાતા આભ
હવે ભીડી દે તારા કમાંડ, મને વહાલો છે ચપટીક ઉઘાડ.
તારી તે વરસાદી રીત સાવ નોંખી.
સું દરિયાએ દીધી છે ખો !
મનડાં તાણે એ મેહુલો વહાલો, પણ માનવી તણાય તે તો જો!
થોડા કોરા સંબંધને ગમાડ, મને વહાલો છે ચપટીક ઉઘાડ!
આંગણું પલાળ કે પછી બારણું બલાળ,
તેં તો ડૂબાડ્યા ગામોનાં ગામ.
વરસે તો જંપવાનું નામ નહીં લે.
એમાં હારે છે માનવીઓ હામ,
દૂર કરને આ તારો વળગાડ, મને વ્હાલો છે ચપટીક ઉઘાડ.

સ્પર્શમણિ
Way to life
કોઈ વ્યક્તિ સાથે કેટલા ચોમાસા ગાળ્યા
એ મહત્ત્વનાં નથી...
એ વ્યક્તિ સાથે તમે કેટલા 'ભીંજાયા'
એ મહત્ત્વનું છે.

- Rasikvaland1965@gmail.com